**Directorate of Information Technology**
**Anand Agricultural University, Anand**

**Dr. Dhaval R.Kathiriya**
**Ph.D.(Computer Science)**
**Director, Information Technolgy**

Phone : 02692-225990
Fax : 02692-260712
E.mail : dit@aau.in

**વિષય: રાજ્યના ખેડૂતમિત્રો અને વિદ્યાર્થીઓ ને મોબાઇલ એપ્લિકેશન દ્વારા માહિતી પુરી પાડવા બાબત.**

# પરિપત્ર

ઉપરોક્ત વિષય પરત્વે સર્વે શૈક્ષણિક/સંશોધન/વિસ્તરણ ને લગતા યુનિટ/સબ-યુનિટના વડાશ્રીઓ/અધિકારીશ્રીઓ ને જણાવવાનુકે જે હાલમાં યુનિવર્સિટીની વેબસાઇટ મારફત ખેડૂતમિત્રો અને વિદ્યાર્થીઓને ઓન-લાઇન માહિતી પુરી પાડવામાં આવે છે, ઉપરાંત રાજ્ય સરકારના i-kisan પ્રોજેક્ટ અંતર્ગત અત્રેની કચેરી દ્વારા વિવિધ મોબાઇલ એપ્લિકેશન બનાવવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરી ખેડુત મિત્રો પોતાના મોબાઇલમાંથી જે તે સ્થળેથી ગુજરાતી ભાષામાં જાણકારી મળવે છે.

આથી શૈક્ષણિક/સંશોધન/વિસ્તરણ ને યુનિટ/સબ-યુનિટની ટુંકી માહિતી અને જે તે શૈક્ષણિક/સંશોધન/વિસ્તરણ ના જે તે પ્રોજેકટ/યોજના અંગેની મહ્ત્વની જાણકારી ખેડુતો તેમજ વિદ્યાર્થીઓને જે તે સ્થળેથી પોતાના મોબાઇલ પર મળી રહે તે હેતુ થી મોબાઇલ એપ્લિકેશન બનાવવા માટેની આનુસંગિક માહિતી ઓનલાઇન ભરી શકાશે. જે તે યુનિટ/સબ-યુનિટના વડાશ્રીઓને તેઓના ઓન-લાઇન ટુર ના આઇ.ડી. મારફત જ લોગ-ઇન કરીને સદર માહિતી/ફોટોગ્રાફ/વિડિયો મુકી શકાશે. જે માટેની તાલીમ અત્રેની કચેરીએથી જે તે યુનિટ/સબ-યુનિટના કર્મચારી કે જેઓ હાલમાં આ.કૃ.યુ. ની વેબસાઇટ અપડેટ કરવાની ફરજ બજાવે છે, તેઓને આપવામાં આવશે.

આ અંતર્ગત જે તે શૈક્ષણિક/સંશોધન/વિસ્તરણ ના યુનિટ/સબ-યુનિટના વડાશ્રીઓને જે તે સંબંધિત કર્મચારી ને તાલીમ માટે મોકલી આપવા નમ્ર વિનંતી. સદર માહિતી ઓનલાઇન ભર્યા બાદ અત્રેની કચેરી દ્વારા મોબાઇલ એપ્લિકેશન બનાવીને તેને ગૂગલ પ્લે સ્ટોરમાં મુકી આપવામાં આવશે, જેથી ખેડૂતમિત્રો અને વિદ્યાર્થીઓને મહ્ત્વની જાણકારી જે તે સ્થળેથી પોતાના મોબાઇલ પર જ જાણકારી મળી રહે.

-sd-
નિયામક (આઇ. ટી.)

**AAU/ITC/Website/ 336-37/2015** **Date: 07-01-2015**

નકલ સવિનય રવાના:

1) માન. કુલપતિશ્રીના રહ્સ્ય સચિવશ્રી તરફ નમ્ર જાણ સારૂ.

2) સર્વે યુનિટ/સબ યુનિટ વડાઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.